Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-14, Issue-3, December-2020

# ડૉ.ઇલાબહેન ભટ્ટના દિક્ષાંત પ્રવચનોમાં ગાંધીવિચાર (૨૦૧૫-૨૦૧૯)

**ડૉ.કનૈયાલાલ ર.નાયક**

પ્રોફેસર, ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, સામાજિક વિજ્ઞાન શાખા, મ.દે.સમાજસેવા મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

ગૂજરાત વિદ્યાપીઠ કે જેની સ્થાપના ભારતના રાષ્ટ્રપિતા શ્રી મોહનદાસ કરમચંદ ગાંધી દ્વારા ૧૮ ઓક્ટોબર ૧૯૨૦ના રોજ થઇ હતી. ગૂજરાત વિદ્યાપીઠ બાપુની અહિંસક લડત અસહકારની ચળવળની ફલશ્રુતિરૂપે ભારતને મળેલી એક અનમોલ ભેટ છે. જેનું શિક્ષણ આજે પણ ગાંધીજીના મુલ્યોને વળગી રહી અવિરત પણે ચાલતું રહ્યું છે. એવી આ મહાન સંસ્થાના પદવીદાન સમારંભમાં ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિશ્રી ઇલાબહેન ભટ્ટના પ્રવચનોમાં ગાંધીવિચાર વિશે પ્રસ્તુત કરવાનો મારો નમ્ર પ્રયાસ છે.

ડૉ. ઇલાબહેન ભટ્ટના અધ્યક્ષપણા અને ડૉ.અનામિકભાઈ શાહના સાનિધ્યમાં ગૂજરાત વિદ્યાપીઠનો ૧૦૧મો સ્થાપના દિવસ ઉજવાયો હતો એ દિવસે મારે ડૉ.ઇલાબહેન ભટ્ટના પાંચ વર્ષના ગાળામાં એટલે કે ૨૦૧૫-૨૦૨૦ દરમ્યાન દિક્ષાંત પ્રવચનમાં ગાંધીવિચાર અને સા વિદ્યા યા વિમુક્તયે બાબતે વાત કરવાની હતી. જે આ મુજબ હતી: (૧૮ ઓક્ટોબર ૨૦૨૦)

આદરણીય કુલપતિશ્રી ૨૦૧૫માં તેમના પ્રથમ પદવીદાન સમારંભમાં મુખ્ય મહેમાન મહામહિમ ભારતના રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખર્જીની સાદગીની વાત કરી હતી, અને આ દિક્ષાંત પ્રવચનમાં સમૂહ જીવનના વારસા ને ટકાવી રાખવા સાથે હાકલ કરી હતી. વિદ્યાર્થીઓને તેમણે ૨૦૧૬માં દિક્ષાંત પ્રવચનમાં તે પદવીદાનના મુખ્ય મહેમાનની હાજરીમાં, 'ગાંધીજીની મુક્તિ અપાવે તે વિદ્યાની વાતને ગરીબીથી મુક્તિ અપાવે તે વિદ્યા' ની વાત યાદ રાખવા જણાવ્યું હતું.

તેમણે ૨૦૧૭માં મુખ્ય મહેમાન સામ પિત્રોડાની હાજરીમાં, ખાસ ભૌતિક સુવિધાઓ વધારજો પણ મર્યાદામાં રહીને, કુદરતી સંપત્તિને નુકસાન પહોચાડ્યા સિવાય, સંપોષિત વિકાસને ગાંધીવિચારને ધ્યાનમાં રાખી જીવનમાં શિક્ષણનો ઉપયોગ કરવા જણાવ્યું હતું.

તેમણે ૨૦૧૮માં મુખ્ય મહેમાન ડૉ.પ્રકાશ આમટેની હાજરીમાં સામાજિક જીવન તરફની દ્રષ્ટિને ધ્યાનમાં રાખી તમારી શિક્ષણરૂપી સંપત્તિને સમાજમાં વાવજો અને તેની મહેંક બધાને પહોંચે તેવી રીતે જીવન જીવજો તેવી વાત સાથે શુભેચ્છા પાઠવી હતી.

તેમણે ૨૦૧૯માં મુખ્ય મહેમાન ઉદ્યોગપતિ અઝીમ પ્રેમજીની હાજરીમાં તમારી પ્રવૃત્તિ ઉદ્યોગ પ્રધાન હોવી જોઈએ, તમે નોકરી કરવા કે માંગવાની જગ્યાએ નોકરી દાતા બનો, કામથી દુનિયાને રસ્તો બતાવો અને આ બાબતે ગાંધીવિચાર તમારી સાથે એટલે કે તમારા લોહીમાં જાળવી રાખજો જે તમને ચોક્કસ મદદ કરશે, તેવી સરસ ઉદ્યોગ પ્રધાન શીખ આપી હતી.

તેમણે ૨૦૨૦માં ગૂજરાત વિદ્યાપીઠના સ્થાપના દિન નિમિતે તેમના પ્રવચનમાં વિદ્યાપીઠના શિક્ષણની મહત્વતા અને ગાંધી કે ગાંધીવિચાર out of date નથી પરંતુ update કરવાનું શિક્ષણ છે, તે ભારતની નવી શિક્ષણ નીતિમાં તમે જોઈ શકશો તેમ ગાંધીવિચાર દિવસે-દિવસે જરૂરિઆત વધવાની સાથે મહત્વ વધશે, અને તેના પર શ્રદ્ધા રાખવા સાથે વાત પૂર્ણ કરી હતી.

ગૂજરાત વિદ્યાપીઠ એક રાષ્ટ્રીય સંસ્થા છે. જેની સ્થાપના ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી દ્વારા ૧૮ ઓક્ટોબર ૧૯૨૦માં કરવામાં આવેલી. આ એક એવી સંસ્થા છે, જેનો ઉદ્દભવ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં સ્વદેશી અપનાવવાની હાકલના ભાગરૂપે થયો હતો. અસહકાર અને સ્વદેશી આંદોલન ભારતમાં ગાંધી આંદોલનોમાં મહત્વનું હતું. અને તેમાં રાષ્ટ્રીય-સ્વદેશી શિક્ષણના પ્રચાર-પ્રસાર અને સમાજમાં સ્વદેશી શિક્ષણ તરફ મજબૂત રીતે સમાજને દાખલો બેસાડવાના ભાગરૂપે શિક્ષણના ક્ષેત્રમાં આ કદાચ પ્રથમ અને મહત્વની ઘટના અનુમાની શકાય. આ વર્ષે વિદ્યાપીઠ સો (૧૦૦)વર્ષ પૂર્ણ કરીને ૧૦૧ (એકસો એક) વર્ષમાં પ્રવેશી છે. ત્યારે મારે ૧૮ ઓક્ટોબર ૨૦૨૦ના દિવસે મારે આ ઐતિહાસિક અને પવિત્ર દિવસે મારે હાલના ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ ડૉ.ઇલાબહેન ભટ્ટના દિક્ષાંત પ્રવચનોમાં સા વિદ્યા યા વિમુક્તયે મહાત્મા ગાંધીની દ્રષ્ટીએ જે હતો તે વિશે ઈ.સ.૨૦૧૫ થી ઈ.સ.૨૦૧૯ દરમ્યાન તેમણે વિદ્યાર્થીઓને દિક્ષિત કરતાં, જે સાચા અર્થમાં ગૂજરાત વિદ્યાપીઠનું શિક્ષણ કઈ રીતે મુક્તિ અપાવે તે બાબતે તેમના પાંચ વર્ષના ગાળામાં ગાંધીવિચારને ધ્યાનમાં રાખી દિક્ષાંત પ્રવચનો પદવીદાન સમારંભમાં થયેલા છે, જે ખૂબજ ધ્યાન આકર્ષે છે, અને વિદ્યાર્થી અને શિક્ષિત જગત માટે માર્ગદર્શિત કરનારા રહ્યા છે. તેના વિશે મારે બોલવાનું હતું. આ માટે મે તેમના ઈ.સ.૨૦૧૫ થી ઈ.સ.૨૦૧૯ના તેમના પ્રવચનો બરાબર વાંચ્યા, અભ્યાસ કાર્યો અને તેમાંથી મને અદ્દભુત અનુભવ થયો છે, જે મારા દ્વારા અહિ આ સંશોધન લેખમાં ઐતિહાસિક ઘડી અને તેમની એ શિક્ષિત-દિક્ષિત પ્રવચનોમાંથી કેટલોક સાર અહીં રજૂ કરવાનો મારો નમ્ર પ્રયાસ છે.

આ વર્ષે ગૂજરાત વિદ્યાપીઠને સો વર્ષ પૂર્ણ થાય છે. અને આ વર્ષે આખા વિશ્વમાં કોરોના મહામારીએ હાહાકાર મચાવી દીધો

છે, અને તેથી આ વર્ષે ગૂજરાત વિદ્યાપીઠમાં પદવીદાન સમારંભ રાખવામાં આવ્યો નહોતો, ગૂજરાત વિદ્યાપીઠને સો વર્ષ થતા હોવાથી સ્થાપના દિવસ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવેલું, આ દિવસે બધાજ કાર્યક્રમ અલગ-અલગ રહીને એટલેકે Social distance રાખીને અને માસ્ક દ્વારા બધા મળીને જુદા-જુદા જુથમાં કાર્યક્રમો કરીને તેમજ આ વર્ષે પ્રવચનો પણ online રાખવામાં આવેલા.

આ સ્થાપના દિવસ ૧૮ ઓક્ટોબર ૨૦૨૦ ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ ડૉ.ઇલાબહેન ભટ્ટના અધ્યક્ષપણે અને કુલનાયકશ્રી ડૉ.અનામિકભાઈ શાહના સાનિધ્યમાં ઉજવાયો હતો.

ડૉ.ઇલાબહેન ભટ્ટ દ્વારા તેમના કુલપતિ કાર્યકાળ દરમ્યાન દિક્ષાંત પ્રવચનો આપવામાં આવેલા હતા, દરેક વર્ષમાં જુદી-જુદી રીતે વિદ્યાર્થીઓને દિક્ષિત તેમણે કરેલા જેનો સારાંશ આપવાનો પ્રયત્ન મેં કરેલ છે. તેમના પાંચ વર્ષના દિક્ષાંત પ્રવચનો મેં વારંવાર વાંચ્યા અને તેમાંથી તેમની ગાંધીવિચાર પ્રત્યેની અતૂટ શ્રદ્ધા અને વિશ્વાસ તરબતર જોવા મળ્યા. તેમની દરેક વાતો મનનીય અને અન્ય લોકોને પણ ખૂબજ ઉપયોગી થશે તેવું મને જણાય છે. તેમના દરેક દિક્ષાંત પ્રવચનોમાં દરેક વર્ષે કઈંક નવી ગાંધીવિચારની નવીન દ્રષ્ટિ જોવા મળી જે વિદ્યાર્થીઓને અહીંથી શિક્ષણ મેળવ્યા પછી ખૂબ ઉપયોગી થઇ શકે તેમ છે. તેમની આર્શીવચનોમાં સા વિદ્યા યા વિમુક્તયેનો અલગ-અલગ અર્થ સ્પષ્ટ થાય છે. નોકરી, ગરીબી, ઉદ્યોગ, શહેરીકરણ, ગ્રામ્યતા, ઔદ્યોગિકીકરણ, ટેકનોલોજીનો ઉપયોગ, પર્યાવરણ, કુટુંબ, સમાજ, દેશસેવા જેવા પાસાઓને સ્પર્શવાનો તેમનો પ્રયાસ અદ્દભુત અને મહત્વનો મને જણાયો છે. તેમના પ્રવચનો દરેક વર્ષે જે-તે સમાજની જરૂરીયાત, દેશની જરૂરિયાત, એક સારા નાગરિકની ભૂમિકા વગેરે તરફ અને કેટલાક પ્રલોભનો તરફે સચેત કરવાના પણ તેમણે તેમના પ્રવચનોમાં પ્રયત્નો કરેલા છે. જે સરાહનીય છે. તેમના આ પ્રવચનોમાં તેમનો ગાંધીવિચાર પ્રત્યે વિશ્વાસ દરેક વર્ષે વધારે મજબૂત થતો જણાયો, જે તેમની ગાંધી દૃષ્ટી જણાય છે, અને તે ‘સેવા’ સંસ્થાના સ્થાપક પણ છે, તેથી આ બાબતે તેમના વિચારો હોય તે પણ સ્વાભાવિક છે.

ડૉ.ઇલાબહેન ભટ્ટ ગૂજરાત વિદ્યાપીઠના ૨૦૧૫માં કુલપતિ બન્યા તે વર્ષે ભારતના મહામહિમ રાષ્ટ્રપતિ ડૉ.પ્રણવ મુખર્જી મુખ્ય મહેમાન તરીકે પદવીદાન સમારંભમાં હતા. તેમણે તેમના પ્રવચનમાં સૌ પ્રથમ ગૂજરાત વિદ્યાપીઠ પરિવાર વતી તેમને આ પવિત્ર ભૂમિમાં આવકાર આપ્યો અને તેમનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. તેમણે તેમના પ્રથમ પ્રવચનમાં કહેલું કે, “ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ તરીકે

સંબોધવાનો આ મારો પહેલો અનુભવ છે ત્યારે હું ગૌરવ તથા નમ્રતાની લાગણી અનુભવું છું આનંદનો અનુભવ તમારાથીએ મને વધારે થતો હશે, કેમકે ગૂજરાત વિદ્યાપીઠની પદવી લઈને ગાંધીવિચારના દૂત તરીકે તમે વિશ્વ સમાજ તરફ વિચારશો, તમે બૌદ્ધિક તો થયા જ છો. મન તમારું સાહસિક છે. શરીર તમારું યુવાન અને હાથમાં કૌશલ્ય છે. ગાંધી મૂલ્યોએ તમને જીવન કર્તવ્યનો માર્ગ બતાવ્યો છે. તે રાહે તમો પ્રત્યેક જીવનનો આનંદ અને સંતોષ મેળવો તેવી મારી શુભેચ્છા છે."

શુભેચ્છા સંદેશ આપતા તેમણે ખાસ જણાવ્યું કે ગાંધીવિચારધારાએ અપાતું શિક્ષણ આદર્શ તો છે, પરંતુ આતો માત્ર શરૂઆત છે, પર્યાપ્ત થવાનું તો હજુ બાકી છે, વિદ્યાપીઠના શિક્ષણમાં ઘણી ઉણપ છે, જેને દૂર કરવાની વિદ્યાપીઠની ફરજ તો હજુ ઊભી જ રહે છે. તે માટે વિદ્યાપીઠ સંપૂર્ણ સજાગ છે અને સક્રિય પણ છે. તેથીજ તમારો અને અમારો બેઉનો વિદ્યાર્થીકાળ નિરંતર ચાલતોજ રહેશે. વિદ્યાપીઠ અને તેના ધ્યેય ઉદ્દેશ્યોને ધ્યાનમાં રાખીને હજુ આપણે ઘણું વિચારવાનું અને સમજવાનું છે. આપણે વિવિધ ભવનો-વિભાગો-કેન્દ્રો-પ્રોજેક્ટો ચલાવીએ છીએ, તેઓની વચ્ચે પરસ્પર હજુ વધુ એકત્રીકરણ (ઈન્ટીગ્રેશન) થઇ શકે અને કરવું જરૂરી છે ઉદ્યોગમાં વસ્ત્ર (ખાદી) અને અન્ન એ બે માનવજીવનની જરૂરિયાતની ચીજ સમજીને શિક્ષણમાં વિદ્યાપીઠે મહત્વનું સ્થાન આપ્યું છે. ગરીબી અને રોજગારીને અનુલક્ષીને આ બે ચીજનું ઉદ્યોગ શિક્ષણ અપાય છે તે સૌને સમજાવું જોઈએ. 'આજીવિકાને સારું સાધન કરી આપતા' એવા 'રાષ્ટ્રના પોષક' ઉદ્યોગોને આપણે પાયાનો દાખલો દેશને બનાવી શકીએ છીએ.

વધુ તેમણે જણાવ્યું હતું કે- "તો, તમે હવે શાની રાહ હુઓ છો ? ઉઠો, ઝંપલાવો, ત્યાં પહોંચી જાઓ. ક્યાં ? તમે જાણો, શોધી કાઢો, તમારું ભાવિ તમારે જ ઘડવાનું છે. આ દુનિયા કે સરકાર કે વડિલો કોઇ ઘડવાના નથી. 'જોબ'ની રાહ જોશોતો તે મળવાની નથી. સાહસિક બની પૈસા બનાવવામાં માત્ર નહી; જવાબ શોધવામાં, સવાલ કરતાં થાશો તો જવાબ જરૂર મળશે. પણ હા, જવાબ કે સવાલ કોઈની કૉપી કરવાથી નહી મળે. ન પાશ્ચાત્ય થીયરી કે ટેક્નોલીજી, ન શહેરીકરણ કે ઔદ્યોગિકીકરણ, ન 'વિકાસ' કે 'સંશોધન', કે ન ધર્મ કે પરંપરાઓ તમને તમારા પ્રશ્નોના જવાબ આપશે, જો કે તે સૌમાં તમારા પ્રશ્નોના ઉકેલતો છે જ પણ, તમારે વિચારવું પડશે. વિચારવું તો તમારે જાતેજ પડશે. વિચારો અને વિચારપૂર્વક આગળના ડગ માંડશો. તમારા કાર્યોથી તમોજ જગતમાં ન્યાય-અન્યાય, સ્વાર્થ અને પરપીડા, શાંતિ અને વિગ્રહ વધ્યા છે તેમાં સમતુલન લાવશો. ગૂજરાત વિદ્યાપીઠમાં મળેલું શિક્ષણ

અવશ્ય લેખે લાગશે એવી મને તમારા પર શ્રદ્ધા છે.

આ રીતે તેમના ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ તરીકે તેમના પ્રથમ સંબોધનમાં, ગાંધીવિચાર કઈ રીતે તમને સમાજમાં, કુટુંબમાં, દેશમાં ઉપયોગી બનશે તેની ટૂંકમાં વાત પૂરી હતી. જે વિદ્યાર્થી માટે ખૂબ ઉપયોગી સાબિત થાય તેવી રીતે વિદ્યાર્થી સામે તેમની તેમના પ્રથમ પદવીદાન સમારંભમાં વિદ્યાર્થીઓને આશીર્વચનો અને શુભેચ્છા સંદેશ સાથે વાત કરી હતી. જે વિદ્યાર્થીઓની સાથે-સાથે સૌ કોઈને જીવનમાં ઉપયોગી થાય તેવું મનનીય દિક્ષાંત પ્રવચન તેમનું હતું.

તા-૧૮/૧૦/૨૦૧૬ના રોજ કુલનાયકશ્રી ડૉ.અનામિકભાઈ શાહ અને મુખ્ય મહેમાન શ્રી રામચંદ્ર ગુહા પ્રસિદ્ધ ઇતિહાસકારના સાનિધ્યમાં સૌ પ્રથમ ડૉ.ઈલાબહેન ભટ્ટએ કહ્યું કે વિદ્યાપીઠ કોની ? તો-તે છેવટે તો વિદ્યાર્થીઓની જ છે, અને કહ્યું કે જેમ-જેમ વિદ્યાપીઠ સાથે સંકળાતી જાઉં છું તેમ-તેમ ખ્યાલ આવ્યો છે કે છેવટે વિદ્યાર્થીઓની જ વિદ્યાપીઠ છે, તેવો ખ્યાલ દ્રઢ બન્યો છે અને આજ વિચાર કેન્દ્રમાં રાખવામાં આવેતો સારું એજ મને જણાયું છે.

ગાંધીજીએ ગૂજરાત વિદ્યાપીઠ સ્થાપી ત્યારે કહ્યું હતું કે- "મુક્તિ અપાવે તે વિદ્યા" સા વિદ્યા યા વિમુક્તયે. મૂળ વિચાર એ હશે, કે સંસારમાંથી મુક્તિ અપાવે તે વિદ્યા અને ગૂજરાત વિદ્યાપીઠ સ્થપાઈ ત્યારે તે મૂળ વિચારના સંદર્ભમાં હશે કે દેશને ગુલામીમાંથી મુક્તિ અપાવે તે વિદ્યા. આપણે એ સંદર્ભ સ્વીકાર્યો અને લગભગ ૧૦૦ જેટલાં વર્ષ વિચારને ગુલામી દરમ્યાન અને આઝાદી પછી આગળ લઇ ગયા. આજના સંદર્ભમાં મને સમજાય છે, કે ગરીબીમાંથી મુક્તિ અપાવે તે વિદ્યા, એટલે કે વિદ્યાર્થી ગરીબી નિવારણ માટે પ્રતિબદ્ધ બને કારણ કે હજુ સુધી ગરીબીની સમસ્યામાંથી આપણો સમાજ મુક્ત થયો નથી, જે ગરીબી એ હિંસા નથી? સમાજની ગરીબીની અને હિંસા આપણા સમાજે ક્યારેક મૌન રાખીને તો ક્યારેક સક્રિય રીતે સંમતિ આપીને ઉભી કરેલી સ્થિતિ છે. ચારે તરફની નાની ગરીબી અને હિંસા આપણી સંમતિથીજ થાય છે એટલે જ ચાલુ રહે છે એ પણ હકીકત છે.

ખાદીને આપણે રાષ્ટ્રિય પોશાક ગણ્યો છે અને મારી દ્રષ્ટીએ તો ખાદી અને ગ્રામોદ્યોગ એ અહિંસક આર્થિક સમાજરચનાના પ્રયોગો છે. માત્ર પ્રયોગો નથી, એ જ મધ્યપ્રવાહ છે; હોવો જોઈએ. ખાદી એ અહિંસક વસ્ત્ર છે. એ ખાદી વિદ્યાને એવી રીતે વસ્ત્ર વિદ્યા સુધી આગળ લઇ જઈએ કે જેથી અહિંસક રાષ્ટ્રપોષક ઉદ્યોગોના વિકાસ તરફ પ્રેરી શકે. અંતે તો રાષ્ટ્રપોષક દિશામાં આપણે આગળ વધવાનું છે. ઉદ્યોગ એ છે કે તમામ લોકોની પ્રાથમિક જરૂરિયાતો ખોરાક, પાણી, વસ્ત્ર અને મકાનની

જરૂરીયાતને હિંસાથી નહિ, પરંતુ પ્રેમથી સંતોષે તે મારા સેવાની બહેનો સાથેના કાર્યના અનુભવે મને સમજાયું છે કે ઉત્પાદક કામ કે ઉદ્યોગ તે સમાજને એક માળામાં ગૂંથવાનો દોર છે. હાથમાં ઉત્પાદક કામ હોય તો સમાજની સ્થિરતા, શાંતિ, પ્રેમ અને સમૃદ્ધિ જળવાય છે. મિત્રો સમૃદ્ધ કર્યા વગર સમૃદ્ધ થવાતું નથી જ.

શિક્ષણ એ વ્યક્તિગત નથી નથીજ આપણે ભણેલું આપણી ખાનગી મિલકત નથી, તે સમાજમાં વહેંચવા માટે છે. આપણું શિક્ષણ સમાજોપયોગી નહોય તો તે શું કામનું? તમે નકામા ચિંતિત રહો છો કે, 'જોબ નહિ મળે?' તમે તો તમારા માટે રોજગાર સાથો સાથ બીજા અનેકો માટે રોજગાર, ઉદ્યોગ પેદા કરશો તમારા સામે પડકાર આવે એ તો નવી તકો છે. તમારા હાથે થયેલો વિકાસ ગાંધીજીની દૃષ્ટિએ ઉચ્ચ હશે, તે પણ રચનાત્મક હશે. કોઈના ભોગે નહિ; પણ સર્વોદયી હશે. ગૂજરાત વિદ્યાપીઠમાં તમારી થયેલી મિત્રાચારી ઓર વિકસાવજો.

અહીં આ દિક્ષાંત પ્રવચનમાં ગાંધીજીના વિચારોને જાણે પ્રસ્તુત કરતા હોય એવો ભાવ ઉત્પન થયેલો છે ડૉ. ઇલાબહેન ભટ્ટ વિદ્યાર્થીઓને સાંપ્રત સમયમાં પણ ગાંધીવિચારો કેટલા મુલ્યવાન છે એનો પરિચય કરવતા હોય એવું તેમના આ પ્રવચનમાં જણાઈ રહ્યું છે.

તા-૧૮/૧૦/૨૦૧૭ના ડૉ. ઇલાબહેન ભટ્ટના અધ્યક્ષપદે પદવીદાન સમારંભ યોજાયો હતો તે સમયે કુલનાયક શ્રી ડૉ. અનામિકભાઈ શાહ અને મુખ્ય મહેમાન ડૉ. સામ પિત્રોડાના સાનિધ્યમાં કહેલું કે આપણે વિકાસ સંપોષિત કરવાનો છે, અને તે પણ કુદરતી સંપત્તિને જાળવીને-નષ્ટ કરીને નહી. સૌર ઉર્જાને મહત્વ આપવાનું છે. ભૌતિક સુવિધાઓ વધારવી ન જોઈએ તે વિકાસ નથી. પરંતુ સૌને પ્રફુલ્લિતા તરફ લઇ જવાય તે વિકાસ છે. અહિંસક, રાષ્ટ્રપોષક વિકાસ કહેવાય સહકારી મંડળીની સમૃદ્ધિ બહુરાષ્ટ્રીય કંપનીના નફા કરતા અવશ્ય વધુ સમૃદ્ધ છે ૬૦,૦૦૦ કામદારોનું એક કારખાનું કરતા ઘેર-ઘેર, ગામે-ગામ, તાલુકે-તાલુકે કારખાના હોયતો તે વધુ નફાકારક બને આ પડકારો તમે ઝીલવા તમે કાબેલ તો છો જ વિચારો, અધ્યાપકો તમને સમજાવશે.

હું સમજુ કે આ બધું રાતો રાત બદલાવાનું નથી કે એક કે બે દશકાઓમાં પણ બદલાવાનું નથી; પણ એટલું જરૂર સમજુ છું કે આપણે આવા અહિંસક, રાષ્ટ્રપોષક ઉદ્યોગો દ્વારા જરૂર બદલાવ લાવી શકીએ.

ગાંધીજીએ રાષ્ટ્રપોષક ઉદ્યોગોના શિક્ષણની ગૂજરાત વિદ્યાપીઠને સંબોધીને વાત કરી છે. રાષ્ટ્રપોષક ઉદ્યોગો પર ગૂજરાત વિદ્યાપીઠના સૌ વધુ ઊંડાણથી તથા

આજનો સંદર્ભ જાળવીને સ્નાતકોની આકાંક્ષાઓને લક્ષમાં લઈને વિચારવાની અને આચરવાની જરૂર છે સૌ નાગરિકોને જીવન નિભાવવા માટે અનાજ, કઠોળ, ફળો, દૂધ પેદા કરીએ જે ઉદ્યોગો રાષ્ટ્રપોષક છે. જે નાગરિકોને પહેરવા વસ્ત્ર પૂરા પાડે તે ઉદ્યોગો રાષ્ટ્રપોષક છે. જે નાગરિકોને રહેવા ઘર અને શૌચાલય પૂરા પાડે તે ઉદ્યોગો રાષ્ટ્રપોષક છે. આગળ વધીને જે ઉદ્યોગો શિક્ષણ, સ્વાસ્થ્ય, નાણાંકીય, સેવા, ઉર્જા, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર પૂરા પાડે તે, તેમજ ગામમાં રહીને તળપદા પ્રશ્નો પર સંશોધન કરે તેના ઉકેલ બતાવે તે રાષ્ટ્રપોષક ઉદ્યોગનું શિક્ષણ કહેવાય જે શિક્ષણ કુદરતી તથા માનવ સંશાધનો નો બગાડ અટકાવતા શીખવે, તે રાષ્ટ્રપોષક ઉદ્યોગનું શિક્ષણ કહેવાય આપણે તો ગરીબી નિવારણ જ નહી; પરંતુ અહિંસક અને સહિયારી સમૃદ્ધિ જોઈએ.

આમ, આ ઉદ્દબોધનમાં તેઓ ગાંધીજીના ગ્રામસ્વરાજ, સર્વોદય અને પોષે તે કેળવણી જેવા ગાંધીવિચારો તેમના પ્રવચનમાંથી પ્રતિત થયેલા છે.

તા-૧૮/૧૦/૨૦૧૮ કુલપતિશ્રી ઇલાબહેન ભટ્ટના ઉદ્દબોધનમાં સન્માનનીય અતિથી શ્રી ડૉ.પ્રકાશ આમટે તથા કુલનાયકશ્રી ડૉ.અનામિકભાઈ શાહની ઉપસ્થિતિમાં તેમણે જે વાત કરી હતી કે જેમાં ગાંધીવિચારધારાના અંશો સામેલ હતા જેમાં સામાજિક જીવન તરફની દ્રષ્ટિ કેળવવાની વાત ભારપૂર્વક કરેલી પ્રેમ અને આકર્ષણ, હિનતા આ બધામાં આપણે ટકવાનું છે શિક્ષણમાંથી આ શીખવાનું છે, જીંદગીની સફરમાં આગળ વધવા માટે સમૂહજીવનના પાઠ ભણ્યા છો, તેનો ઉપયોગ જીવનભર કરવાનો છે. મારા યુવાન મિત્રો તમારી જીંદગીમાં તમે સુખેથી કુટુંબ, સમાજ, પ્રકૃતિ વચ્ચે સહજીવન માણશો અને સંબંધો વિક્સાવશો તેવી મારી અંતરની શુભેચ્છા પાઠવું છું પરસ્પર સંબંધો નિર્ણયો મહત્વના છે.

અહીં તેમના ગાંધીજીના સમૂહજીવનના વિચારો અને સમાજજીવનના મનુષ્યને રાખવા જેવા આચરણોનો સુંદર સમન્વય પ્રસ્તુત કર્યો હોય તેવો ભાવ તેમના પ્રવચનમાં જાણવા મળે છે.

તા-૨૨/૧૦/૨૦૧૯ના રોજ જાણીતા ઉદ્યોગપતિ અઝીમ પ્રેમજીના મુખ્ય આતિથ્યમાં તેઓ સૌ સ્નાતકોને જણાવેલું કે મારું માનવું છે કે કર્મ ભવિષ્યને ઘડે છે; નહી કે ભવિષ્ય આપણા કર્મો ઘડે છે. કામ એટલે રોજી, એટલે કે આજીવિકા, એટલેકે મજૂરી, એટલેકે નોકરી, એટલેકે વ્યાપાર, ડીઝાઇન, સંશોધન, એ કામ વ્હાઈટ કોલર હોય, બ્લુ કોલર હોયકે ફેકટરીમાં કે ઓફિસમાં ઘરમાં કે રસ્તા પર કે ઝાડ નીચે આકાશમાં ઉડ્ડયન કે પૃથ્વીની ખાણમાં કે તળાવમાં કે સમુદ્રમાં એકલા કે બેકલા કે પરિવાર સાથે કે મિત્રોના સમૂહમાં સવેતન કે અવેતન કામની દુનિયા

world of work વિશાળ છે. આપણે આજની પરિસ્થિતિમાં ઢસડાવાના બદલે આપણા કામથી દુનિયા બદલીએ અલબત આપણે ઘડિયાળના કાંટા પાછા ધુમાવવા નથી જ બધા પાછા ગામડામાં જાઓ અને તોજ રોજગારી ઉભી થશે. એવું નથી, પણ ગ્રામોદ્યોગ દ્વારા ફરી ગામડા વધારે સમૃધ્દ બની શકે તેવી તો જરૂરીયાત છે જ.

અહીં તેઓ ગાંધીજીના ગ્રામોદ્યોગ અને સાચું ભારત ગામડામાં વસે છે અને ગામડાઓ સમૃદ્ધ હશે તો રાષ્ટ્ર સમૃદ્ધ બનશે તેઓ ગાંધીવિચાર તેમના પ્રવચનમાંથી આપણે સમજી શકીએ છીએ.

વધુમાં તેઓ જણાવે છે કે મને તમારામાં વિશ્વાસ છે કે તમે વિચારશો, જાતે વિચારશો અનુબંધથી વિચારશો તમે નિત્યનવીન સમુહલ્લાસિત જીવનના માર્ગ ઉઘડતા જશે, આપ મેળે જડી જશે. અમારા(અમારો) વડીલોનો ભરોસો ના રાખશો. મનુષ્ય જાતેજ સંપોષક વિકલ્પો, ઉપાયો, જવાબો શોધી શકે તેજ ગાંધીમાર્ગ.

ગૂજરાત વિદ્યાપીઠમાં ગાંધી વ્યર્થ નથી ગયા કે નથી ગાંધીવિચાર out of date જુનવાણી થયો, સત્ય કદી નિષ્ફળ હોઈ શકે? શું પ્રેમ અને અહિંસા વાસી થઇ શકે, આપણે નિષ્ફળ થવું નથી એજ સ્નાતક મિત્રો આજનો આપણો નિર્ધાર નવી વ્યવસ્થા ગોઠવીને અર્થવ્યવસ્થાથી દેશનું GDP વધારવાનું છે, અને રાષ્ટ્રીય આવક વધારવી છે. એવી અર્થવ્યવસ્થા સૌનું પોષણ કરે એવી સંપોષક વ્યવસ્થા ઉભી કરીએ.

આમ, ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિશ્રી ડૉ. ઇલાબહેન ભટ્ટના વર્ષ ૨૦૧૫ થી ૨૦૧૯ સુધીના તમામ દિક્ષાંત પ્રવચનોમાં તેમણે ગાંધીવિચારને વણી લીધો છે જે તેમણે વિદ્યાર્થીઓને સા વિદ્યા યા વિમુક્તયેના સાંપ્રત સમયને અનુરૂપ અનુબંધ સાથે ખૂબ સુંદર રીતે સમજાવવાનો અને જીવનમાં ઉપયોજન કરવા પ્રેર્યા છે.

**સંદર્ભ:-**


**૧. ગૂજરાત વિદ્યાપીઠ પદવીદાન સમારંભ, કુલપતિ શ્રી ઇલાબહેન ભટ્ટનું ઉદ્દબોધન, તા-૦૧/૧૨/૨૦૧૫, અમદાવાદ**

**૨. ગૂજરાત વિદ્યાપીઠ પદવીદાન સમારંભ, કુલપતિ શ્રી ઇલાબહેન ભટ્ટનું ઉદ્દબોધન, તા-૧૮/૧૦/૨૦૧૬, અમદાવાદ**

**૩. ગૂજરાત વિદ્યાપીઠ પદવીદાન સમારંભ, કુલપતિ શ્રી ઇલાબહેન ભટ્ટનું ઉદ્દબોધન, તા-૧૮/૧૦/૨૦૧૭, અમદાવાદ**

**૪. ગૂજરાત વિદ્યાપીઠ પદવીદાન સમારંભ, કુલપતિ શ્રી ઇલાબહેન ભટ્ટનું ઉદ્દબોધન, તા-૧૮/૧૦/૨૦૧૮, અમદાવાદ**

**૫. ગૂજરાત વિદ્યાપીઠ પદવીદાન સમારંભ, કુલપતિ શ્રી ઇલાબહેન ભટ્ટનું ઉદ્દબોધન, તા-૨૨/૧૦/૨૦૧૯, અમદાવાદ**